સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

ચોરી કરવા પ્રેરી પોલીસને જાગતા રાખે છે!
અનિર્ણાયક સ્થિતિમાં 'દેખાતું' તાટસ્થ્ય રાખે છે!
માગતા રાખે છે 'ન્યાય' કરગરતા પીડિતોને -
ને નિર્ભય નિર્ણયથી 'મી.લોર્ડ' ભાગતા લાગે છે!!

પાડે ના નામ -
મગ ને મગ કહી -
ફેરવે ગોળ...
(સુપ્રીમ - લાચારી)

ચાખ્યા કરે છે -
રોટલો બે બાજુથી -
ન્યાય બહાને...
(કપિ - ન્યાય)

હાઈકુ

ચિંતન

રુપં જરા સર્વસુખાનિ તૃષ્ણા ખલેષુ સેવા પુરુષભિમાનમ્ ।
યાચના ગુરુત્વ ગુરુમાત્મપૂજા ચિન્તા બલં હન્તદયા ચ લક્ષ્મીમ્ ।

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

ઘડપણ રુપને, લોભ સઘળાં સુખોને, દુષ્ટ માણસની સેવા, માણસના સ્વમાનને, યાચના મોટાઈને, પોતાની બડાઈ ગુણને, ચિંતા શક્તિને દયા ન કરવી એ લક્ષ્મીને ખતમ કરે છે.

આ સુભાષિત મનુષ્યની જુદી જુદી વસ્તુઓ કંઈ કંઈ વસ્તુઓથી નાશ પામે છે તે જણાવી તેનાથી બચવાની તાકીદ કરે છે.

રુપનો નાશ ઘડપણ કરે છે. માટે રુપનું અભિમાન ન કરવું. લોભ કરવાથી મળેલા સુખો નાશ પામે છે. પોતાનું સ્વમાન વહાલું હોય તો દુષ્ટ માણસોની સેવા કદી ન કરવી. તેનાથી દૂર જ રહેવું જોઈએ. માણસ યાચના કરે તો તેની મોટાઈનો નાશ થાય છે. યાચના કરતા માણસની કિંમત ઘટી જાય છે. પોતે જ પોતાના વખાણ કરવાથી મનુષ્યનો ગુમ નાશ પામે છે. બડાઈ ન કરવી એ જ ઉત્તમ છે. ચિંતાથી શરીર અને મન બંનેની શક્તિ હણાય છે. આથી ચિંતા ન કરવાની સલાહ અપાય છે. મનુષ્ય દયા ન બતાવે તો તેની લક્ષ્મીનો નાશ થાય છે. માનવતાનું એક પાસું દયાનું છે ધન આપનારને જ ધન મળવાનો અધિકાર છે. દયાળુંની લક્ષ્મી ટકે છે.

સુવિચાર

- એક આઁસુ કો'કનું લૂછી દીધું, જો ખુદા કેવી ઈબાદત થઈ ગઈ - **જલન માતરી**
- ખોઈ હુઈ ચીજ કો યાદ ના કર... જો મિલા હૈ ઉસે બર્બાદ ના કર... - **આશીષ ચંદ્રમોહન**
- જિંદગીમાં કંઈ ના કરી શક્યા નો 'રંજ' છે,
  છેલ્લી ચાલે ખબર પડી કે જિંદગી 'શતરંજ' છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે ઓછું માગે એ ગરીબ, ઘણું બધું માગે એ વિલાસી, પણ જે બધું જ માગે એ લોભી - **જીવન પાયેય**
- સરસ, ઉત્તમ અને શ્રેષ્ઠ - આરામ-હરાન! સરસ ઉત્તમ બને અને
  ઉત્તમ શ્રેષ્ઠ બને ત્યાં સુધી મંડ્યા રહો - **સંત જેરામ**
- ફળની અપેક્ષા વિના કરાતા કાર્યોમાં સ્વયં પરમાત્માના હસ્તાક્ષર હોય છે - **રાજેશ વ્યાસ**
- આજનું ઔષધ : સીતાફળના બીજની પેસ્ટ બનાવી માથામાં એક કલાક લગાવી રાખી પછી માથું શેમ્પુથી ધોવાથી જૂ-લીખમાંથી રાહત મળે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

પેરીસમાં વિદ્વાનોની એક સંસ્થાએ એક સ્પર્ધાનું આયોજન કર્યું. નાગરિકો પાસે નવા નવા વિષયો ઉપર તેમના વિચારોને લેખમાં સમાવી લેવાનું કહેવામાં આવ્યું. ઉત્તમ લેખને ઈનામ પણ મળશે એવી જાહેરાત કરી હતી. આ જાહેરાતના પ્રતિસાદમાં નેપોલિયન બોનાપાર્ટ પણ એક લેખ લખીને મોકલ્યો હતો. જો કે એ વખતે તે સમ્રાટ બન્યો ન હતો. સ્પર્ધામાં નેપોલિયનનો લેખ સર્વશ્રેષ્ઠ જાહેર થયો. એના દસ વર્ષ પછી નેપોલિયન સમ્રાટ બની ગયો. અને આ સ્પર્ધાવાળી વાત ભૂલી ચૂક્યો હતો. નેપોલિયનના એક મંત્રી ટેલીરાન્ત ને ક્યાંકથી આ ભૂતકાળની ઘટનાની જાણકારી મળી કે સમ્રાટ નેપોલિયને જે લેખ લખ્યો હતો તેને ઈનામ પણ મળ્યું હતું. ટેલીરાન્તે એ લેખની નકલ મગાવી નેપોલિયનને મળવા ગયો. તેણે કહ્યું, 'સમ્રાટ આ લેખના લેખકને તમે જાણો છો?' નેપોલિયને લેખ જોયો. કંઈક વિચારવામાં પડી ગયો. મંત્રીને એમ હતું કે સમ્રાટ ખુશ થશે અને મને કોઈ ભેટ આપશે. બે મિનિટ બાદ સમ્રાટે એ નકલ લઘી અને રૂમની સળગતી સગડીમાં નાખી દીધી. મંત્રી આભો બની જોઈ રહ્યો. તેણે પૂછ્યું, 'સમ્રાટ આપે આ સરસ લેખને બાળી શું કામ નાખ્યો ? તમને આ લેખ માટે પ્રથમ ઈનામ પણ મળ્યું હતું.' નેપોલિયને કહ્યું, 'મહાશય, આ લેખ એક સમયની ઉપલબ્ધિ હતી. પરંતુ આજના માટે તેનું કોઈ મહત્ત્વ નથી. તેથી મેં તેને બાળી નાખ્યો.' સાર એ છે કે દેશકાળની પરિસ્થિતિમાં ચિંતનને નવું રુપ આપતા રહેવું જોઈએ. જૂની પ્રશંસામાંથી બહાર નીકળવું જોઈએ.

કોંગ્રેસીઓ માટે આગળ કૂવો, પાછળ ખાઈ

તંત્રીસ્થાનેથી...

છેલ્લાં વર્ષો દરમિયાન દેશભરમાંથી જેટલા વિપક્ષી આગેવાનોને ભારતીય જનતા પાર્ટીમાં સામેલ કરી શકાય એટલાને સામે ચાલીને ભગવા કે કેસરિયા ખેસ પહેરાવાયા. એ હદે કે પાર્ટીમાં કોંગ્રેસીઓનો એવો ભરાવો થયો જેથી ભાજપ જાણે કોંગ્રેસમય પાર્ટી બની ગઈ. કર્ણાટક અને મધ્યપ્રદેશમાં જ નહીં, છેલ્લે બંગાળમાં પણ આ જ વ્યૂહ રચના અપનાવીને મમતા બેનર્જીના નિકટવર્તી નેતાઓને ભાજપમાં સામેલ કરીને ભાજપની કેન્દ્રીય નેતાગીરી આસામની જેમ પશ્ચિમ બંગાળ સર કરવા જઈ રહી છે. ગુજરાતમાં અનેક સ્તરે કોંગ્રેસના કાંગરા ખેરવાતા રહ્યા જેના પરિણામે રાજયસભાની બે બેઠકો પર નિશ્ચિતપણે વિજેતા બનવાની શક્યતા વાળા પ્રદેશ કોંગ્રેસનાં પૂર્વ અધ્યક્ષ ભરતસિંહ સોલંકી હારી ગયા અને અગાઉ કોંગ્રેસમાંથી પાટલી બદલીને ભાજપમાં સ્થિર થયેલા પૂર્વ નાયબ મુખ્યમંત્રી નરહરિ અમીન ચૂંટાયા હતા. કોંગ્રેસી ધારાસભ્યોને બોલાવી બોલાવીને રાજીનામા અપાવવાની અમિત શાહ અને નરેન્દ્ર મોદીની કૂટનીતિને કારણે સતત ભાજપનું કોંગ્રેસીકરણ થઈ રહ્યું હોવાના આક્ષેપો થતા રહ્યા છે. નવા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ શરૂથી જ કડક પ્રતિબદ્ધતાનો આગ્રહ રાખી ભાજપમાં કોંગ્રેસી એલિમેન્ટની કોઈ જરૂર નહીં હોવાનો રાગ અલાપ્યો છે. જો કે તેઓ પ્રદેશ પ્રમુક બની કાર્યરત થયા એ પહેલાં જ ગુજરાતનાં મંત્રીમંડળમાં કોંગ્રેસીઓનો માનભેર સમાવેશ થઈ ચૂક્યો હતો. કુંવરજી બાવળિયા અને જયેશ રાદડિયા તથા જવાહર ચાવડા જેવા પોતપોતાના જ્ઞાતિસમાજ કે ચૂંટણી ક્ષેત્રમાં અણનમ રહેતા કોંગરેસી નેતાઓને મંત્રીપદની નવાજેશની શરતે કોંગ્રેસમાંથી રાજીનામાં અપાવી ભાજપના નિશાન પર ચૂંટણી લડાવાઈ હતી અને આપેલાં વચનો પાળી એમને મંત્રીપદ પણ એનાયત કરાયું હતું. સી.આર. પાટીલને કેન્દ્રીય નેતાગીરીની આ રીતરસમ સામે જ વાંધો હોય એમ લાગે છે. એમણે ગત વિધાનસભાની પેટા ચૂંટણીના પ્રચારમાં જ આ મુદ્દો ઉછાળ્યો હતો, જો કે હાઈ કમાન્ડે કોંગ્રેસના આયાતી ઉમેદવારોને ટિકિટો પધરાવી હોઈ એમને જિતાડવાની જવાબદારી પણ પ્રદેશ પ્રમુખના શિરે હતી. તાજેતરમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી આવી છે ત્યારે કોંગ્રેસમંથી મોટા પાયે કાર્યકરો ભાજપમાં જોડાઈ રહ્યા છે. કોંગ્રેસમાં એમને પોતાનું રાજકીય ભવિષ્ય ધૂંધળું લાગતું હોઈ તેઓ સ્થાનિક ભાજપી અગ્રણીઓના સંપર્કમાં રહી પોતાના માટે નવું મેદાન શોધી રહ્યા છે. સી.આર.પાટીલને આ પરિસ્થિતિ અકળાવી રહી છે. ભુજમાં પેજપ્રમુખો અને સરપંચોના સંમેલનમાં કચ્છના અંજાર વિસ્તારમાંથી મહત્ત્વના કોંગ્રેસી આગેવાનો ભાજપમાં સામેલ થઈ રહ્યા હોવાની ઉત્સાહભેર જાહેરાત કરનાર રાજયકક્ષાના મંત્રી વાણસ આહીરને પાટીલે અધવચ્ચે અટકાવી ભોંઠા પાડ્યા હતા. ભાજપ પોતાના કાર્યકરોના બળ પર જ ચૂંટણી જીતી શકે એમ છે. એવા સૂચન સાથે એમણે સ્પષ્ટતા પણ કરી દીધઈ કે કોંગ્રેસી કાર્યકરોને ભાજપમાં ખેંચી લાવવાની કોઈ જરૂર નથી. આથી સ્વાભાવિક રીતે જ પોતાનું કોંગ્રેસમાં ભાવી ધૂંધળું હોવાનું માની ભાજપમાં ઘૂસવા મથતા કોંગ્રેસીઓ નિરાશ થશે. એમના માટે તો આગળ કૂવો અને પાછળ ખાઈ જેવી વિકટ પરિસ્થિતિ જ સરજાવા પામી છે. કોંગ્રેસ પમ એમનો વિશ્વાસ નહીં કરે અને ભાજપમાં એમને મહત્ત્વ નહીં મળે. આ પરિસ્થિતિમાં ગત વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપની ટિકિટ પર ચૂંટાઈ આવેલા કેટલાક મહત્ત્વાકાંક્ષી ધારાસભ્યોને મંત્રીમંડળમાં સોમલ કરવાનું કેન્દ્રીય મોવડી મંડળે આપેલ વચન પાળી શકાશે કે કેમ એ પ્રશ્ન છે. સી.આર.પાટીલ હવે ભાજપને કોંગ્રેસમુક્ત કરવાની રાજનીતિ અપનાવી રહ્યા છે, જે અત્યાર સુધી મોદી અને શાહની રાજનીતિથી તદ્દન સામે છેડાની છે. કોંગ્રેસીઓએ પણ આ અવઢવમાં રહ્યા વગર પોતાનું ઘર સરખું કરી સારા સમયની રાહ જોવાની જરૂર છે. પૃથ્વીવલ્લભ નવલકથા પરની બનેલ ફિલ્મનું પેલું ગીત યાદ આવે છે : દિવસો એક સરખા કોઈના જાતા નથી...

કોરોના વાયરસની રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે?

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

ડાહ્યાભાઈ અને ગાંડાભાઈ બંને જણાં ટાઈમસર પોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા. વિપુલ અને નિલેષ હજુ ગરની બહાર નીકળ્યા નથી. ગાંડાલાલે બોલવાનું શરૂ કર્યું. આ વિપુલ અને નિલેષ કેમ આટલું બધું મોડું કરે છે. એમને ખબર નથી કે આપણે આપણી આ જ્ઞાનવર્ધક કલબમાંથી આવી રીતે અનિયમિત થશે તો આપણે એમને કાઢી મુકીશું. ડાહ્યાલાલ તમને ખબર છે કે આપણી કલબમાં તો જ એડમિશન મળે જે લોકો સમયસર આવી જાય. જે લોકોનું ઘરમાં કાંઈ ચાલતું ના હોય એવા લોકોને જ આપણા એડમિશન આપીએ છીએ. સૌથી મોટો અગત્યનો મુદ્દો છે. કે જે લોકો પોતાની પત્નીથી ગભરાતા હોય અને પત્ની કહે એમ કરતા હોય તો એડમિશન મળી શકે. બોલો, એટલાંમાં જ વિપુલ આવ્યો.... સૉરી યાર... ઘરમાં દૂધ ખલાસ થઈ ગયું હતું અને તમારી ભાભીએ કહ્યું એટલે આપણે કહ્યાગરા એટલે દૂધ લેવા ગયો એટલે મોડું થયું. એટલામાં નિલેષ આવ્યો. મારી પત્નીને એમ કહ્યું કાલ માટે શાક સુધારી નાખો. એટલે શાક સુધારવાના લીધે મોડું થયું.

કોરોનાની રસી લીધા પછી કોરોના ના થાય? : કયાં લોકોએ કોરોનાની રસી ન લેવી જોઈએ ?

ડાહ્યાલાલ શાંતિથી સાંભળતા હતા. ડાહ્યાલાલે કહ્યું આપણી આ જ્ઞાનવર્ધક કલબમાં જે લોકોને જુઠું બોલતાં આવડતું હોય એવા લોકો જ આપણા કલબના મેમ્બર થઈ શકે. એટલે બધા આમા ફીટ થઈ જાય છે. એટલે જ આપણી કલબ ચાલે છે. ડાહ્યાલાલ બોલ્યા... એ બધું જવા દો... પણ તમે બોલો કે ડાહ્યાલાલ અમે કોરોનાની રસી લઈ આવ્યા તમને કેવું લાગ્યું? હાં, ગાંડાલાલ હું કોરોનાની રસી બે દિવસ પહેલા લઈ આવ્યો. સિવિલ હોસ્પિટલમાં સોશિયલ વર્કર તરીકે જરૂર પડે ત્યારે સેવા આપવા જવું છું. એટલે મને રસી મળી. રસી માટે પહેલા મેં ગાંધીનગર હેલ્થ ઓફિસરને મેઈલ કરેલો. પછી ૨૬મી જાન્યુઆરીની રજા હોવથી એટલે ૨૫ જાન્યુઆરીએ સિવિલ હોસ્પિટલમાં જઈને મેં રસી માટે કહ્યું, મારો મોબાઈલ નંબર અને મારો મેઈલ ત્યાં હતાં જ. વેકસીન આપનાર ડૉકટરો મને કહ્યું કે તમે રસી લઈ શકો છો. એમને મારો મોબાઈલ નંબર વેરીફાઈ કરી મારું આધારકાર્ડ વેરીફાઈ કરી મને રસી આપવાનું યોગ્ય સમજ્યા. ડાબા હાથના ખભા ઉપર મને કોરોનાની રસી ઈન્જેકશન દ્વારા આપવામાં આવી. ડાહ્યાભાઈએ પૂછ્યું, ઈન્જેકશનના હિસાબે ખૂબ દુખ્યું હશે કેમ ? ડાહ્યાભાઈએ કહ્યું ના.... બિલકુલ ખબર જ ના પડી. સરસ મજાની નાની સોય વડે સિસ્ટરે વેકસીન આપી દીધી.

વેકસીન આપ્યા પછી મને ૩૦ મિનિટ ત્યાં બેસાડ્યો. ૩૦ મિનિટ સુધી મને કાંઈ ન થતાં એ લોકોએ મને જવા માટે કીધું... ગાંડાલાલે પૂછ્યું... તમને દુ:ખાવો થયો, ચક્કર આવ્યા, ઉલ્ટી થઈ, ૧૨ કલાક પછી તાવ આવ્યો ? ડાહ્યાલાલે કહ્યું કોઈને ચક્કર અથવા ઉલ્ટી થતી હોય છે પણ એ માનસિક કારણ છે. મને ન ચક્કર આવ્યા. ના ઉલ્ટી થઈ. બે દિવસ સુધી કદાચ તાવ આવશે એવી બીકમાં પેરાસિટામોલની ગોળી લઈને ફરતો રહ્યો. મને તો તાવ પણ નથી આવ્યો. એટલે મારા અનુભવ પરથી એમ કહી શકું કે હું કોરોનાની રસી લેવી જોઈએ. વિપુલ બોલ્યો... યાર મને તો કોરોના થઈ ગયો છે. મારે પણ રસી લેવાની ? ડાહ્યાલાલે કહ્યું, હા, વિપુલ, કોરોના ભલે થઈ ગયો પણ કોરોના થઈ ગયાના ૧૪ દિવસ પછી રસી લઈ શકાય. કારણ કે કોરોનાની ઉત્પન્ન થતા એન્ટી બોડી અને રસીથી ઉત્પન્ન થતા એન્ટી બોડી જુદા જુદા હોય છે. એટલે કોરોનાની રસી લેવી જરૂરી છે. ડાહ્યાલાલે કહ્યું, હવે રસીનો બીજો ડોઝ માટે ૨૮ દિવસ પછી લેવાનો છે. ૨૮ દિવસ પછી હું બીજા તબક્કાની રસી લઈને પછી ૧૫માં દિવસે લોહીમાંથી કોરોનાના એન્ટી બોડીનો ટેસ્ટ કરાવીશ. એક વર્ષ પછી સરકાર આદેશ આપે કે પ્રમાણે ફરીથી રસી લઈશ. લોકો ખોટી વાતો કરે છે કે કોરોનાની રસી લીધા પછી તકલીફ થાય છે. તમે નપુંસક બની શકો છો, આંખે દેખાયું ઓછું થઈ જાય તમારી કીડની બગડી જાય, પણ એવું કશું થતું નથી. એ ખાલી વાતો જ છે. નિલેષ બોલ્યો ? ગમે તે થાય હું તો રસી નથી લેવાનો. બહુ બહુ તો મને કોરોના થશે એનાથી વધારે શું ? ડાહ્યાલાલે કહ્યું, નિલેષ તું ભૂલ કરે છે. એવું નથી કે જેને રસી લીધી હોય એને કોરોના ન જ થાય. પણ જો કોરોના થાય તો એમાં જાનનું જોખમ નહિવત છે. હવે મારું કહેવું એમ છે કે શક્ય હોય તો રસી લઈ આવ અને આજુબાજુ વાળા બધાને રસી લેવા માટે જાગૃત કર.

અનુસંધાન પાના નં. ૬ પર

આપણી સંત પરંપરા : એક ઉજળી તથા આગવી ધરોહર

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સંતોએ જો માત્ર ઉપદેશ આપ્યો હોત અને તેમનો જીવન વ્યવહાર તેમના ઉપદેશથી ભિન્ન હોત તો સંત પરંપરા આપણાં દેશમાં ફૂલીફાલી ન હોત. સંતોનું સ્થાન તેમણે આપેલા ઉપદેશ સાથે તેમણે વિતાવેલા સેવામય ઉજળા જીવનને કારણે સમાજમાં દૃઢ થયું છે. "બે રોટી અને એક લંગોટી" ના ધણી એવા સંતોએ આપણી જીવન તરફની શ્રધ્ધાનું સર્જન તેમજ સંવર્ધન કરેલું છે. સ્વામી આનંદ આવા સાધુ સંતોની જમાતના અનેક પાત્રોની ઓળખ આપતી વખતે તે લોકોને "મારા પિતરાઈઓલ્લલ્લ કહીને ઓળખાવતા હતા. સ્વામીદાદાએ પોતાના પિતરાઈઓની અનેક લીલી-સૂકી વાતો સ્વાનુભવથી લખી છે. તેમાંની એક અનુભવજન્ય ઘટના ફરી ફરી યાદ કરવી ગમે તેવી છે. આજથી લગભગ પોણી સદી પહેલા ગંગોત્રી-કેદારનાથનો રસ્તો અતિ દુર્ગમ ગણાતો હતો. મૂઠીમાં જીવ લઈને યાત્રાળુઓ તે વિકટમાર્ગ પસાર કરતા હતા. માઈલો સુધીનો બરફ અને વિકરાળ વાવાઝોડા કે ભૂસ્ખલનનો પણ ભય રહેતો હતો. આથી આ માર્ગનો પ્રવાસ "યાત્રાળુઓના પાણીપત" તરીકે ઓળખાતો હતો. સ્વામીદાદા કહે છે કે વચ્ચે એક કાલિકમલીવાળા બાબાનું સદાવ્રત આવે. જાત્રાળુઓને પ્રેમથી ખવરાવે અને એક બે રોટી આગ્રહ કરીને સાથે પણ બંધાવે. વચ્ચે કોઈ જગાએ અણધાર્યો અટકવાનો સમય આવે તો આવી સાથે બંધાયેલી રોટી ઉપયોગી થઈ પડે. સ્વામીદાદાએ એક સાધુને બે શેકેલી રોટી ખાઈને આ કઠીન માર્ગે આગળ ધપતા જોયા. સદાવ્રતમાં સેવા આપનારા લોકોએ બુમ પાડીને સાધુને રોક્યા અને એકાદ ટંક બપોર માટે બે રોટી સાથે લઈ જવા સૂચવ્યું. અલખના આધારે સમગ્ર આયખું પસાર કરનાર સાધુએ નમ્રતા સાથે પણ દ્રઢતાના ભાવ સાથે કહ્યું : "પ્યારે! સાધુ કભી શામ કી ફીકર નહિ કરતાં" કીડીને કણ અને હાથીને મણ આપનાર કોઈ અગમ અગોચર તત્વ ઉપર સાધુનો ભરોસો કેટલો ઊંડો અને મજબૂત હશે! સંતોએ પોતાના આવા સ્વભાવ અને વર્તનથી જગતના અનેક દેશોના અનેક લોકોના હૃદય પર પ્રેમનું શાસન કરેલું છે. આપણાં દેશમા પણ વિવિધ વિચારધારા સાથે જોડાયેલા અનેક સંતોએ "સંત પરમ હિતકારી" ની વાત જીવંત રાખેલી છે. આવા ઉપકારી આત્માઓ કટોકટીની ક્ષણે સમાજના ભેરૂ તથા માર્ગદર્શક થઈને ઊભા છે. પોતાની ઓળખ કે કીર્તિની તેમણે તમા કરી નથી. એમના સ્વભાવમાં જ કવિ શ્રી કાગ લખે છે તેમ ઉપકાર કરવાનો ગુણ છે.

ઝાડવાં પોતે રે પોતાનાં
ફળ નથી ખાતાં, ઉપકારી
એનો આતમા
ગાવલડી પોતે રે પોતાનું દૂધ
નથી પીતી, ઉપકારી એનો
આતમા.

ગુજરાતમાં પણ સાધુસંતોના એક ઉજળા અને ગરિમાયુક્ત પ્રવાહનું આપણે સતત દર્શન કરતા આવ્યા છીએ. કાળના કપરા તથા વિકટ પ્રવાહમાં પણ આવા સંતોનો પ્રવાહ ઝાંખો પડ્યો નથી. આવા સંતપુરુષોની અકાશગંગામાં સ્વામીનારાણદેવની આરાધના કરનાર સંતોનું સ્થાન પણ તેમના કાર્યો થકી પ્રભાવી તથા મજબૂત છે. ઉત્તર ભારતમાં અઢારમી સદીના પૂર્વાર્ધમાં પ્રગટ થયેલા નીલકંઠવર્ણિ મહારાજે ગુજરાતની ધરતી પર પોતાનું ત્યાગ તથા ભક્તિપ્રધાન જીવનકાર્ય શરૂ કરીને દેશ-વિદેશના અનેક હરિભક્તોનું જીવન મંગળમય તથા કલ્યાણમય કરેલું છે. આ કાર્ય કરવામાં મહારાજે કોઈ નાના-મોટાનો ભેદ કર્યો નથી. સહજાનંદ સ્વામીએ પ્રગટાવેલી આ કલ્યાણમાર્ગની પાવકજવાળાને મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી કે બ્રહ્માનંદ સ્વામી જેવા આભને થોભ દઈ શકે તેવા અડિખમ સાધુઓએ જીવંત તેમજ જવલંત રાખી છે. ગોંડલમાં યોગીબાપા કે છારોડી (અમદાવાદ) ગુરુકૂળમાં જોગીસ્વામી જેવા પાવક સંતોને જેઓ મળી શક્યા છે તેમના મનમાં આ સંતોના સંસ્કારની સૌરભ હમેશા મહેકતી રહી છે. સૌરાષ્ટ્રમાં ચલાળા કે પાળિયાદની જગ્યાઓ પણ તેની ઉજળી સંત પરંપરાને કારણે ઉન્નત મસ્તકે ઊભી છે. અનેક શ્રધ્ધાળુઓ આજે પણ આ જગ્યાઓની ચેતના સાથે જોડાયેલા છે.

નિષ્કુળાનંદ સ્વામીએ કહયું છે તેમ ઈશ્વરનું અવતરણ તેજસ્વી સંતોના જીવન થકી જ થાય છે. સંત અને શ્રીજી અંતે તો એક જ સ્વરૂપના બે ભાગ છે.

સંત પૂજે હું પૂજાણો રે
સંત દુખવે હું દૂખાણો રે
સંત હું ને હું તે વળી સંત રે
એમ શ્રીમુખે કહે ભગવંત રે.

સ્વામીનારાયણ સંપ્રદાયના અનેક સંતોએ મહારાજની ઉપાસના માટે તેમજ વ્યાપક જનજાગૃત્તિ માટે સુંદર તથા અર્થસભર પદોની રચના કરી છે. બ્રહમાનંદ સ્વામી આવા એક જાજવલ્યમાન સાધુ હતા. ભૂજની વ્રજભાષા પાઠશાળામાં તેમનું શિક્ષણ થયું હતું. બ્રહમાનંદસ્વામીની રચનાઓ આજે પણ ગાઈએ તો એક નવો આત્મવિશ્વાસ તથા શ્રધ્ધા પ્રગટે તેવી છે. સ્વામી લખે છે. સાહિત્યની આ ભાતીગળ રચના સવૈયામાં છે.

તીરથ જાનેકુ પાંવ રચે પ્રભુ
હાથ રચે હરિ સેવ હિ ઠાની
કાન રચે સુનીયે જશ કેશવ
જીભ રચી કહીએ હરિબાની
નેન રચે હરિ સંતકુ દેખન
તાતે સબ સુખ પાવત માની
ઓર તો સાજ ભલો બ્રહમાનંદ
પેટ રચ્યો સો તો પાકી ખાની.

સંતો તથા સંતવાણીની આ ઉજળી પરંપરામાં તેજસ્વી શિખર સમાન કબીર સાહેબ છે. ભાણ સાહેબ તેમજ રવિ-ભાણની સમગ્ર પરંપરાના સંતો સમાજની વ્યાપક સ્વીકૃતિને વર્યા છે. આ બધા સંતો ધર્મ સાથે જોડાયેલા રહ્યા છે પરંતુ કથાકથિત સાંપ્રદાયિકતાના વાડામાં પૂરાયા નથી. અંધશ્રધ્ધા તેમજ ગતાનુગતિકતા તેમનાથી જોજનો દૂર રહી છે. સહિષ્ણુતા તેમજ સામાજિક સંવેદના એ તેમની ભક્તિ કે ઉપાસનાના મૂળમાં છે. તેઓ ઉપદેશ ઉપદેશ આપતા નથી પરંતુ તેમની કરણી થકીજ તેમના જીવનનો સંદેશ જગત ઝીલે છે. મહાત્મા ગાંધીમાં પણ જગતને આજ બાબતની પ્રતિતિ થતી હતી. 'એકરંગા અને ઉજળાલ્લ એવા લોકોની આ વણઝાર છે. તેમના થકી આપણે ઉજળા છીએ. આપણી આ જાળવવા જેવી સામુહિક વિરાસત છે.

યોજના સફળ બનાવવા ઉત્સાહ અને જોમ જોઈએ

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

મહાત્મા ગાંધીએ હિન્દુસ્તાનને ધ્યાનમાં રાખીને કેળવણી વિષયક જે સુધારાઓ રજૂ કર્યા હતા તેને આપણે વર્ધા યોજના તરીકે ઓળખીએ છીએ. ગાંધીજીએ ૧૯૩૭માં વર્ધા યોજના તેમના લખાણોમાં વ્યક્ત કરી હતી. આ યોજના ૧૯૩૯માં જયારે પ્રાંતીક સ્વરાજ વ્યવસ્થા હતી ત્યારે વિવિધ પ્રાંતીક સરકારોએ તેમની હકૂમત હેઠળના રાજયોમાં આ યોજના દાખલ કરી હતી. પરંતુ ખૂબ થોડા સમયમાં પ્રાંતીક સરકારોએ - પ્રધાનમંડળોએ બ્રિટીશ સરકારની યુદ્ધ નીતિના વિરોધમાં રાજીનામા ધરી દીધા હતા. આથી કેળવણીમાં ગાંધી અખતરાના પગલા તરીકે સ્વીકારવામાં આવેલી આ યોજનાની પ્રગતિમાં પ્રારંભે જ ફેર આવી ગયો હતો. એ સ્વાભાવિક બાબત છે.

તો બીજી તરફ ગાંધીજીની આ યોજનાને નવી હકૂમત હેઠળ અગાઉની સરકારની માફક ઉત્તેજન ના મળે એ પણ એટલું જ સ્વાભાવિક હતું. તેમ છતાં મહત્ત્વની વાત એ હતી કે ગાંધીની કેળવણીની આ યોજનાને સદંતર પડતો મૂકવામાં આવ્યો ન હતો. પરંતુ કૃપાલાણીજી નોંધે છે તેમ 'એક નવો અને અણઅજમાવાયેલો આ ગાંધી અખતરાને સફળ બનાવવા કે અમલી બનાવવા માટે જે ઉત્સાહ અને જોમથી કામ કરવું જોઈએ તે ઉત્સાહ અને જોમ સાથે તેનો અમલ ના થયો.'

કૃપાલાણી લખે છે કોઈ પણ નવી યોજના એ તો કુમળા રોપા જેવી કહેવાય, તેની સક્રીય વિરોધના બળતા પવનોથી જેમ પૂરેપૂરું સંરક્ષણ મળવું જોઈએ. તેમ અવજ્ઞારૂપી હિમાળું ઠંડીથી પણ તેને બચાવતાં રહેવું જોઈએ. તો પણ, સરકારી અમલદારોનો વિરોધ અને અવજ્ઞા હોવા છતાં આ અખતરો પ્રગતિ સાધી શક્યો છે. અને જયાં તેનો ભાવનાપૂર્વક અમલ થયો છે, ત્યાં તેણે એવાં પરિણામ બનાવ્યા છે કે જે સ્વતંત્ર હિંદમાં ભવિષ્યમાં થનારા તેના સ્વીકાર માટે ભવિષ્યવાણીરુપ નીવડે.

ગાંધીની કેળવણી યોજનામાં પ્રારંભથી જ ધ્યાન અપાયું નહીં

ગાંધીજીના વિચાર અનુસારની કેળવણીના પરિણામો જોવા સમજવા જેવા છે. ૧૯૪૩માં બિહાર સરકારે અખતરામાં પરિણામો આંકવા માટે નીમેલા નીરિક્ષણોનાં મંડળે કેટલીક વિગતો નોંધી છે, જેમ કે -

'મંડળે પ્રથમ લક્ષ બાળકની સ્વચ્છતાની તપાસ ઉપર આપ્યું. પહેલાંનાં વર્ષો કરતાં વિદ્યાથીઓની શારીરિક સ્વચ્છતાના ધોરણમાં ચોખ્ખો સુધારો જણાતું હતો, એ જોઈ અમે રાજી થયા. અમારી મુલાકાત અંગે એ બાબતમાં ખાસ પ્રયત્ન કરવામાં આવ્યા હોય એમ બનવું સંભવિત છે... પરંતુ એ ઉઘાડું હતું કે, અભ્યાસક્રમના જ એક અગત્યના ભાગ તરીકે વિદ્યાથીઓની શારીરિક સ્વચ્છતા તરફ પૂરતું લક્ષ અપાતું હતું... અને પાયાની કેળવણીવાળી શાળાના બાળકની પહેલી ખાસિયત એ હોય કે તે સ્વચ્છ હોવું જોઈએ, એ વસ્તુનો સ્વીકાર થયેલું હતું.

પછી અમે અમારું ધ્યાન વિદ્યાથીના સામાન્ય શારીરિક વિકાસ ઉપર આપ્યું... આ અખતરા માટે જે ખાસ પ્રદેશ પસંદ કરવામાં આવ્યો છે, ત્યાંના લોકે આળસુ તે માટે નામીચા છે, અને ઘર કે ગામના વાતાવરણમાં બધી વસ્તુઓ શાળાની અસરને ધોઈ કાઢે તેવી હોઈ, તેને મદદ કરે તેવી બહુ ઓછી હોય છે. આ બધું લક્ષમાં રાખીને, અમે ચોક્કસપણે એમ જરૂર કહી શકીએ કે, પાયાની કેળવણીને પરિણામે વિદ્યાથીઓના શારીરિક વિકાસમાં તેમ જ તેમની તેમાં ખાસો સુધારો થયેલ છે. બાળક ચપળ, કામગરાં, અને હસીલાં દેખાય છે; તથા કામકાજ તેમ જ રમત દરમ્યાન તેમની હિલચાલો પ્રયોજનસર તેમ જ મેળભરી હોય છે; તેઓ તેમનાં કપડાં સુઘડ રીતે પહેરે છે, અને શાળા બહારનાં ઘા જેવાં છોકરાંને હિસાબે ટટાર રહેતાં હોય છે...

"પછી અમે આ અખતરાની શાળાનાં બાળકોના બૌદ્ધિક વિકાસ ઉપર થયેલી અસર શોધી કાઢવા પ્રયત્ન કર્યો. આ તપાસ અમે બે દષ્ટિબિંદુથી કરી. એક તે અભ્યાસક્રમના જુદા જુદા વિષયે તેમ જ આખા અભ્યાસક્રમને હિસાબે, અને બીજી માનસિક વલણો અને ટેના ઘડતરને હિસાબે... પહેલા મુદ્દાની બાબતમાં, એ બાળકોમાં માનસિક ચપળતા અને પદ્ધતિસર કામકાજ ચોખાં દેખાઈ આવતાં હતાં. તેમની નિરીક્ષણશક્તિને પણ વિકાસ થયેલ હતો. પરંતુ તપાસ કરવાની - પૂછપરછ કરવાની ભાવના તેમનામાં પૂરતા પ્રમાણમાં ઉત્તેજિત કરવામાં આવી હોય તેમ જણાયું નહીં. અમે બે શાળાઓમાં બાળકનાં જૂથને ભેગાં મળીને પૂરાં કરવાનાં બે ઉદ્યોગકામે આપ્યાં. બાળકોની ઉંમર અને અભ્યાસને હિસાબે એ કામન